ઉત્તર ગુજરાતમાં બીજા દિવસે વરસાદ

બેચરાજીમાં છ ઈંચ : કચ્છના મુન્દ્રામાં પાંચ ઈંચ : પોરબંદર, વડોદરામાં ચાર-ચાર ઈંચ : ઓખા બંદરે ત્રણ નંબરનું ભયજનક સિગ્નલ:માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચન : હજુ આગામી ૭૨ કલાક અતિ ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૪

રાજસ્થાન અને ગુજરાત પર સર્જાયેલા હવાના હળવા દબાણને કારણે છેલ્લા ચાર દિવસથી ગુજરાતને ધમરોળી રહેલા મેઘરાજાએ આજે પણ ખાસ કરીને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છને હડફેડે લઈ ધોધમાર પાણી વરસાવ્યું હતું. આજે દિવસ દરમિયાન મહેસાણા જિલ્લાના બેચરાજીમાં છ ઈંચ જેટલી ભારે વરસાદ નોંધાયો હતો જ્યારે કચ્છના મુન્દ્રામાં પાંચ તથા પોરબંદરના કુતિયાણામાં ચાર, વડોદરા જિલ્લાના સાવલીમાં ચાર, સુરેન્દ્રનગરના ચુડા તથા દસાડા ચાર-ચાર ઈંચ, અમરેલી જિલ્લાના ઝાફરાબાદમાં ત્રણ, મહીસાગરના બાલાસિનોરમાં ચાર ઈંચ સહિત રાજ્યના ૩૩ જિલ્લા અને ૨૧૩ તાલુકાઓમાં સામાન્યથી માંડીને ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે હજુ પણ આગામી ૭૨ કલાક સુધી ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે જ્યારે અપર એર સાયક્લોનિક સરક્યુલેશનનો કારણે દરિયો તોફાની બને તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયો નહીં ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. રાજ્યના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના સુત્રોના જણાવ્યા અનુસાર ગુજરાતના અનેક સ્થળોએ આજે દિવસ દરમિયાન ભારે વરસાદ થયો હતો. જેમાં મહેસાણા જિલ્લાના બેચરાજીમાં ૧૬૫ મીમીથી વધુ કડીમાં ૬૫ મીમી, વડોદરા જિલ્લાના સાવલીમાં ૧૦૮, પોરબંદરના કુતિયાણામાં ૧૦૨, સુરેન્દ્રનગરના ચુડામાં ૯૦, દસાડામાં ૮૯, ધ્રાંગધ્રામાં ૫૮, બોટાદમાં ૬૮, ગીર સોમનાથના કોડીનારમાં ૭૪, ઉનામાં ૫૬, ગીરગઢડામાં ૪૮, અમરેલીના ઝાફરાબાદમાં ૭૨, ધારીમાં ૪૪, સાબરકાંઠાના ઈડરમાં ૬૭, ગાંધીનગરના માણસામાં ૬૪, અમદાવાદ જિલ્લાના દેત્રોજમાં ૬૦, વિરમગામમાં ૬૯, ખેડા જિલ્લાના નડિયાદમાં ૭૦, આણંદ જિલ્લાના તારાપુરમાં ૬૩, પંચમહાલમાં ૭૯ તથા મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં ૯૫ અને સંતરામપુરમાં ૪૭ મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત રાજ્યના નઅનેક સ્થળોએ ભારે ગાજવીજ સાથે મધ્યમથી ભારે ચકવાતી વરસાદ પણ થયો હોવાના અહેવાલો મળી રહ્યા છે. દરમિયાન સુત્રો દ્વારા મળતી વિગતો અનુસાર આજે રાજકોટ પાસે ઉપલેટાની ગણોદ નદીમાં ઘોડાપુર આવતા બે કિશોરો પાણીમાં ફસાઈ ગયા હતા જેમને બચાવવા માટે હેલિકોપ્ટરની મદદ લેવાઈ હોવાનું પણ જાણવા મળે છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક જળાશયો છલકાઈ ગયા છે. ભારે વરસાદથી જળાશયોમાં પાણીની પુષ્કળ આવક થતાં હિરણા ડેમના ત્રણ સાયલી ડેમના ચાર તથા અમીપુરના એક દરવાજા ખોલવામાં આવ્યા હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું. અરબી સમુદ્ર પર આકાર લઈ રહેલા અપર એર સાયક્લોરિક સરક્યુલેશનને કારણે દરિયો તોફાની બને તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને ઓખા બંદર સહિત કેટલાંક બંદરો પર ત્રણ નંબરનું ભયજનક સિગ્નલ દર્શાવી માછીમારોને દરિયામાં નહીં જવાની ચેતવણી આપવામાં આવી છે.

વાહનો પર લાલ લાઈટ મુદ્દે અંતે માર્ગદર્શિકા જાહેર થઈ

માર્ગદર્શિકામાં અનેક જરૂરી સૂચના : અનઅધિકૃત લગાવેલી લાલલાઈટ તેમજ નંબર પ્લેટ ઉપર અનઅધિકૃત લખાણવાળા વાહન માલિકો સામે કાર્યવાહી

ગાંધીનગર, તા.૦૪

સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ ૧૯૮૯ના નિયમ ૧૦૮ હેઠળ જોગવાઈ મુજબ ગૃહ વિભાગે સરાકરી અધિકારી, પદાધિકારીઓ સામે મહાનુભાવોના વાહનો ઉપર ફ્લેશર સાથે લાઈટ તેમજ ફ્લેશર વિનાની લાઈટ લગાવવાની માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

ફ્લેશર સાથે લાલ લાઈટ લગાવવાની સત્તા ધરાવતા મહાનુભાવોમાં રાજ્યપાલ, મુખ્યમંત્રીઓ, કેબીનેટ મંત્રીઓ, રાજ્યકક્ષના મંત્રીઓ તથા નાયબ મંત્રીઓ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, વિરોધપક્ષના નેતા, મુખ્ય ન્યાયમુર્તિ - ગુજરાત હાઈકોર્ટ, ગુજરાત હાઈકોર્નટા ન્યાયમુર્તિઓ, મુખ્યમંત્રીના અગ્રસચિવ, મુખ્યમંત્રીની કચેરીના અધિક અગ્રસચિવો, મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય, અગ્રસચિવ ગૃહ વિભાગ, અગ્રસચિવ વાહન વ્યવહાર ગૃહ વિભાગ અને નઅગ્રસચિવ સામાન્ય વહીવટ વિભાગને સમાવેશ થાય છે.

ફ્લેશન વિનાની લાલ લાઈટ લગાવવાની સત્તા ધરાવતા મહાનુભાવોમાં રાજ્યપાલની પાયલોટ કાર, મુખ્યમંત્રીની પાયલોટ કાર, ગુજરાત વિધાનસભાના નાયબ અધ્યક્ષ, લોકાયુક્ત - ગુજરાત રાજ્ય, અધ્યક્ષ સરદાર સરોવસ પરિયોજના ફરિયાદ નિવારણ પ્રાધિકરણ ગુજરાત રાજ્ય, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર વાહનો, અધ્યક્ષ ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ફોમ્યુનિકેશન વાન, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને રાજ્ય ચૂંટણી પંચના કમિશ્નરનો સમાવેશ થાય છે.

ગણેશ વિસર્જનને લઈ હજુય હાઈકોર્ટના હુકમનું ઉલ્લંઘન

સુરત પોલીસ અને જીપીસીબીને નોટીસ : મૂર્તિ વિસર્જન મામલે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ અરજી દાખલ

અમદાવાદ, તા.૪

રાજ્યની સૌથી પ્રદુષિત તાપી નદીમાં ગણેશ મૂર્તિઓ વિસર્જીત નહીં કરવા ગુજરાત હાઈકોર્ટે આપેલા હુકમનું અનાદર થઈ રહ્યું છે તે મામલે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ પિટિશન દાખલ થઈ છે. આ મામલે હાઈકોર્ટે સુરત પોલીસ અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને સોગંદનામુ કરવા આદેશ કર્યા છે.

રાજ્યની સૌથી પ્રદુષિત તાપી નદીમાં દર વર્ષે ગણેશ વિસર્જન દરમ્યાન મોટી સંખ્યામાં મુર્તિઓ વિસર્જીત કરવામાં આવતી હતી. તેમજ મુર્તિઓ મુખ્યત્વે પ્લાસ્ટર ઓફ પેરિસમાંથી બનતી હોવાથી તે નદીમાં પીગળતી ન હોવાથી નદીમાં મોટા પ્રમાણમાં પ્રદુષણ થતું હતું. તાપી નદી પહેલેથી એટલી પ્રદુષિત ઉપરાંત મુર્તિઓના વિસર્જનથી તે વધુ પ્રદુષિત થતી હતી તેથી આ મામલે થોડા સમય અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં

જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં હાઈકોર્ટ તાપી નદીમાં ગણેશ મુર્તિઓ વિસર્જીત નહી કરવા હુકમ કર્યો હતા. પરંતુ હાઈકોર્ટના હુકમનું સતત ઉલ્લંઘન થતું હોવાથી કન્ટેમ્પ્ટ ઓફ કોર્નટી પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને એવી રજુઆત કરી હતી કે સુરત પોલીસ દ્વારા તેમને પુરતો સહયોગ આપવામાં ન આવતા મુર્તિઓનું વિસર્જન તાપી નદીમાં થતું અટકાવી શકાયું ન હતી. હાઈકોર્ટ આ મામલે સુરત પોલીસ અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને સોગંદનામુ કરવા આદેશ કર્યો છે.

ગુજરાતમાં એક વર્ષમાં સાત કૃષિ વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરાશે

કેન્દ્રીય કૃષિમંત્રી રાધા મોહનસિંહની જાહેરાત : મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ફાર્મ ઈન્કમ ઈન્શ્યોરન્સના રાષ્ટ્રીય પરિસંવાદનું વિધિવત ઉદઘાટન

ગાંધીનગર, તા.૪

કેન્દ્રીય કૃષિમંત્રી રાધા મોહનસિંઘે ગુજરાતમાં મોટા સાત જિલ્લાઓમાં એક-એક વધારાના કૃષિવિજ્ઞાન કેન્દ્રો આગામી એક વર્ષમાં શરૂ કરવાની જાહેરાત કરી છે.

કેન્દ્રીય કૃષિમંત્રીએ ફાર્મ ઈન્કમ ઈન્સ્યોરન્સના રાષ્ટ્રીય પરિસંવાદનું ગાંધીનગરમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં ઉદઘાટન કર્યું હતું. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ના પૂર્વાધરૂપે યોજાઈ રહેલા આ કૃષિ પરિસંવાદના ઉદઘાટન અવસરે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, જળ સંસાધન રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણી તેમજ મુખ્યસચિવ ડો. વરેશ સિંહા અને ભારત સરકારના કૃષિમંત્રાલયના અધિક સચિવ દલિપસિંઘ સહિત કૃષિ પશુપાલન સાથે સંકળાયેલા સંગઠનોના પદાધિકારીઓ, ભારતના વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ અને કૃષિ પશુપાલનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા. કેન્દ્રીય કૃષિમંત્રીએ જણાવ્યું કે હર હાથ કો કામ-હર ખેત કો પાની આપવાના પંડિત દિનદયાલના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ સરકારે જળસંચય સહિતની અનેક યોજનાઓ અમલી બનાવી છે. દેશનો વિકાસ દર ભૂતકાળમાં પાંચ ટકાથી વધુ ક્યારેય ન હતો પરંતુ છેલ્લા ત્રણ માસના નરેન્દ્ર મોદીની સરકારના નોંધપાત્ર નિર્ણયોના પરિણામે વિકાસ દર વધ્યો છે અને મોંઘવારીનો દર અગાઉ ૮ ટકાનો હતો તે પણ ઘટી રહ્યો છે.

કેન્દ્રીય મંત્રીએ ખેતરોમાં વધુ ઉપજ મેળવવા માટે જમીનના બંધારણ મુજબ ખાતર આપવાની આવશ્યકતા સમજાવી હતી. દેશના દરેક ખેડૂતને આગામી ત્રણ વર્ષમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાની તથા નવી મોબાઈલ ટેસ્ટીંગ લેબોરેટરી પણ શરૂ કરવાની વિગતો તેમણે આપી હતી. કેન્દ્રીય કૃષિમંત્રીએ ઉમેર્યું હતું કે ગુજરાતમાં આ વર્ષ ૧ મહિના જેટલા વિલંબથી ચોમાસુ શરૂ થયું હોવા છતાં પણ સરકાર અને ખેડૂતોના સંયુક્ત પ્રયાસોને પરિણામે કપાસમાં દર વર્ષે કરતાં ૧૧૦ ટકા વાવેતર શક્ય બન્યું છે.

આનંદીબેનને કહ્યું કે અગાઉ ખેડૂતોને પાકને થતા નુકસાનના પ્રમાણમાં વીમો પ્રાપ્ત થતો હતો અને તેમાં ધરતીપુત્રોને બહુધા આર્થિક નુકશાન સહન કરવા વારો આવતો હતો. આ અંગે અગાઉની કેન્દ્ર સરકારમાં રાજ્યોની વારંવારની રજુઆતોના કોઈ ફળદાયી પરિણામો પ્રાપ્ત થયા નહીં પરંતુ વર્તમાન ભાજપ

શ્રદ્ધાનું ઘોડાપુર - ભાદરવી પૂનમને આડે ચાર દિવસ બાકી છે ત્યારે શ્રદ્ધાળુઓનો પ્રવાહ અવિરત પણે માનવ સાંકળ બની અંબાજી તરફ વહી રહ્યો છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના માર્ગો શ્રદ્ધાળુઓથી છલકાઈ રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી અવિરતપણે વરસાદ વરસી રહ્યો છે છતાં શ્રદ્ધાળુઓની આસ્થા અડગ છે...

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

શબ્દાવલી - ૫૪૯૬

૧	૨		■	■	૩	■	૪
૫		■	૬	૭			
	■	૮				■	
૯	૧૦		■		■	૧૧	
૧૨		■	૧૩		■	૧૪	
■	૧૫	૧૬		■	૧૭		■
■	૧૮			■	૧૯		૨૦
૨૧		■	■	૨૨			

આડી ચાવી

૧. હોંશિયાર, ચકોર (૩)
૫. દેવીપાર્વતીનું એક નામ(૨)
૬. ક્રોધિત (૫)
૮. ટોપરામાંથી બનાવેલ તેલ (૪)
૯. એક સુપ્રસિદ્ધ કવિ (૩)
૧૧. નૌકા, હોડી (૨)
૧૨. જ્ઞાતિ, નાત (૨)
૧૩. હાથનું ઘરેણું (૨)
૧૪. સો... કરે એટલે સેન્ચુરી કરી કહેવાય (૪)
૧૫. સ્મશાન (૩)
૧૭. જેલ (૨)
૧૮. લાડકોડમાં ઉછરેલી (૩)
૧૯. સુપુચુ, સમુળગુ (૩)
૨૧. આદત, કુટેવ (૨)
૨૨. પડદો (૪)

ઊભી ચાવી

૧. ચારણ જાતિની કન્યા જેણે સિંહને ભગાડ્યો (૫)
૨. બુદ્ધ ધર્મનો વડો (૨)
૩. કાગડાના માળામાં પોતાના બચ્ચાને ઉછેરનાર પક્ષી (૩)
૪. વૃંદાવન (૫)
૬. કુદરતનો... આવે તો દુષ્કાળ થાય (૨)
૭. હોલુ, કબૂતર (૪)
૮. નકલ ઉતારો, ... કરો (૨)
૧૦. લાતોનાં પ્રહાર કરવો (૫)
૧૧. વિષ્ણુ ભગવાનનો પરમ ભક્ત (૫)
૧૩. ચોખાના કટકાઓ (૩:
૧૬. ઉતાવળ, ત્વરા (૨)
૧૭. શ્રીકૃષ્ણને... પણ કહેવાય(૩)
૨૦. પાચીકાં, પાંચ પથ્થરની રમત (૨)

શબ્દાવલી ૫૪૯૫ના જવાબ

આડી ચાવી :- (૧) વફાદાર (૪) આમાન્યા (૬) નર (૭) તણાખો (૮) પ્રગતિ (૧૦) આંધી (૧૧) વેંતિયો (૧૨) અવકાશ (૧૪) વેંત (૧૬) રક્ષા (૧૮) લક્ષ (૨૧) નળ (૨૨) વામન (૨૩) વારતા (૨૪) જોગી

ઊભી ચાવી :- (૧) વનપ્રવેશ (૨) ફારગતિ (૩) રીત (૪) આખો (૫) ન્યાયાધીશ (૯) તિયોવેં (૧૦) આંકાક્ષા (૧૩) જળ (૧૫) તલપાર (૧૭) જળ (૧૯) ક્ષમતા (૨૦) દિલ્લગી (૨૧) નખ

જગ્યાની ફઆળવણી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હવે સરકારે પાંચ હજાર ચો.મી. જેટલી જગ્યા ફાળવી દીધી છે અને વાયબ્રન્ટ પહેલાં આ રખડતા પશુઓની સમસ્યાને નાથવી તંત્ર માટે પડકાર બનીને ઉભરી છે.

બીજી તરફ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના વાહનોને રાખવા માટે સરકારી બોરીજ નજીક વ્હીકલ પુલ બનાવવાના હેતુસર ૨૫૦૦ ચો.મી. જેટલી જગ્યા વપરાશની મંજુરી આપી છે.

આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટેના બે બ્રીજના નિર્માણ માટે પણ ૯૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે. વે બ્રીજ મુખ્ય માર્ગ નજીક બનતાં તેમાંથી આવક મેળવવાનો પ્રયાસ પણ મનપાનો રહેશે.

મનપાને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ અંતર્ગત વેસ્ટ કલેકશન સેન્ટરો બનાવવા માટે સે-૭, ૧૬, ૨૮ અને ૨૧માં ૨૫૦૦-૨૫૦૦ ચો.મી. જેટલી જગ્યા વપરાશની મંજુરી આપી છે. આ ઉપરાંત પાલજમાં પણ ૧૫૦૦ ચો.મી. જેટલી જગ્યા વપરાશની મંજુરી આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા એ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટનો ડી.પી.આર. રજુ કર્યો ત્યારે આ પ્રોજેકટના અમલીકરણ માટે આ જગ્યાઓની માંગણી કરી હતી જેનો સ્વીકાર થતાં તંત્રમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

આ મુદ્દે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે તાજેતરમાં મુખ્યમંત્રીને રૂબરૂ મળ્યા હતા અને રજુઆત પણ કરી હતી. આ પછી છેલ્લા બે દિવસમાં પુનઃ બેઠક મુખ્યમંત્રીશ્રી સાથે યોજાઈ હતી અને આ અંગેના કબ્જા મેળવી લેવા જણાવ્યું હતું.

આ બંને નેતાઓએ સરકારના આ સકારાત્મક અભિગમને આવકારી જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જે રસ દાખવ્યો છે તે માટે આભારની લાગણી વ્યકત કરી છે.

અગ્નિ પરીક્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમાં પણ જ્ઞાન સપ્તાહ સહિત વિવિધ બાબતોની ચર્ચાઓ કરશે.

મળતી વિગતો પ્રમાણે દરેક તાલુકામાં બે અધિક મુખ્ય સચિવ કક્ષાના અધિકારીઓ, ચાર અગ્ર સચિવ કક્ષાના અધિકારીઓ અને ત્રણથી ચાર સચિવ કક્ષાના અધિકારીઓ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કરશે. આ માટે અધિકારીઓને ગામની પસંદગી કરી અને અધિકારીઓને તેની જાણ પણ કરી દેવામાં આવી છે. આજે શિક્ષક દિનની ઉજવણી દેશમાં થઈ રહી છે ત્યારે જિલ્લામાં તેની ઉજવણી યાદગાર બનશે. આજે જ્ઞાન સપ્તાહમાં ગુરૂ પૂજનનો કાર્યક્રમ સાથે સાથે ઋણાનુબંધનનો કાર્યક્રમ ઉજવવામાં આવનાર છે. જેમાં નિવૃત્ત શિક્ષકોના સન્માન કરવામાં આવનાર છે. રાજ્યના અધિકારીઓએ આ કાર્યક્રમમાં હાજરી પણ આપવાની છે.

મળતી વિગતો પ્રમાણે માણસાના બોરૂમાં મહેસુલના એસીએસ ડૉ. જે.એન. સિંઘ, ઈશ્વરપુરામાં પી.કે. તનેજા, માણસામાં અનિલ મુકીમ, ઈટાદરામાં પૂનમચંદ પરમાર, બિલોદ્રામાં જી.સી. મુર્મુ ને ફાળવવામાં આવ્યા છે. કલોલ તાલુકામાં જી.આર. અલોરીયા, રકનપુરમાં કે. શ્રીનિવાસ, બાલવામાં ડૉ. થિરૂપુગાઝ, રાંચરડામાં શ્રીમતિ અનુરાધા મલ્લ, કલોલ શહેરમાં આર.પી. ગુમા, આમજામાં ભાગ્યેશ જહાને મુકવામાં આવ્યા છે. દહેગામમાં આંત્રોલી ખાતે ડૉ. એસ.કે. નંદા, વર્ધાનામુવાડામાં ડી.જે. પાંડિયન, અંગુથલામાં વત્સલા વાસુદેવન, જીવરાજના મુવાડામાં મોના ખંધાર, વેલપુરામાં સોનલ મિશ્રા, કાલિકાનગરમાં અજયભાદુ, કરોલીમાં સંજીવકુમારને મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં મુખ્ય સચિવશ્રી વરેશ સિંહા ઉપરાંત ડૉ. હસમુખ અઢિયા, શ્રી પી.એન. જૈન, શ્રી અરવિંદ અગ્રવાલ, ડૉ. એમ.એસ. પટેલ, મુકેશપુરી, ડૉ. રાજીવ ગુપ્તાને ફાળવવામાં આવ્યા છે.

આ બધા જ અધિકારીઓ આ સપ્તાહના અંત સુધીમાં પોતાનો અહેવાલ તૈયાર કરી મુખ્ય સચિવશ્રીને આપશે અને તે પછી તેના પર વિશેષ ચિંતન થશે.

રોગ ચાળાને નિયંત્રણમાં લેવા બે દિનમાં ૨૮ એકમો સીલ મારવામાં આવ્યા

અમદાવાદ, તા.૦૪

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળાને નિયંત્રણ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા વગર લાયસન્સે ચાલતાં ધંધાકીય એકમોને સીલ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં છેલ્લા બે દિવસથી આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા અલગ અલગ વોર્ડમાં કુલ ૨૮ એકમોને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં આજરોજ પૂર્વ ઝોનના હેલ્થ વિભાગ દ્વારા ૧૦ ધંધાકીય એકમને સીલ મારવામાં આવ્યા છે.

સાગરીત ઝડપાયો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચેઈન સ્નેચીંગના ગુનાઓ ઉકેલાવા પામ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

ગાંધીનગરમાં તરખાટ મચાવનાર રીઢો ચેઈન સ્નેચર સાન્યો તાજેતરમાં ગાંધીનગર પોલીસના સકંજામાં આવી ગયો હતો. એક સાગરીત રાજેશ ઉર્ફે ડીન્કી રહે. સરદારનગર સાન્યાને ચેઈન સ્નેચીંગ કરવામાં મદદગારી કરતો હતો. આ સાગરીતની સે. ૨૧ પોલીસે ધરપકડ કરી લીધી છે. આરોપી રાજેશ ઉર્ફે ડીન્કીની પુછપરછ માટે કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તેની પુછપરછ દરમિયાન સે. ૨૧ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ત્રણ ચેઈન સ્નેચીંગના ગુનાના ભેદ પણ ઉકેલાઈ જવા પામ્યા છે. આરોપીની ઊંડી પૂછપરછ હજુ ચાલી રહી છે.

પેટા ચૂંટણી : ઓપિનિયન પોલ ઉપર પ્રતિબંધ મુકાયો

૧૩મી સપ્ટેમ્બરે પેટાચૂંટણી માટે મતદાન : પેટાચૂંટણી મતવિસ્તારના શ્રમયોગીઓને ૧૩ સપ્ટેમ્બરે મતદાન માટે રજા અપાશે : ચૂંટણી અધિકારી દ્વારા આદેશ

ગાંધીનગર, તા.૪

ભારતના ચૂંટણી પંચે લોકસભા અને ગુજરાત રાજ્ય સહિત કેટલાક રાજ્યોની વિધાનસભાની પેટાચૂંટણીના સંદર્ભમાં મતદાન અંગેના સર્વેક્ષણો અને અનુમાનો સહિતની કોઈપણ ચૂંટણી સામગ્રી કોઈપણ ઈલેક્ટ્રોનિક માધ્યમો પરથી પ્રસારીત કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે, એમ જયદીપ દ્વિવેદી, સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

યાદીમાં વધુ જણાવ્યાનુસાર લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે મતદાન અંગેના સર્વેક્ષણો કરવા અને સર્વેક્ષણના પરિણામો પ્રસિદ્ધ કરવા પર લોકપ્રતિનિધિત્વ અધિનિયમની ૧૨૬(એ)ની પેટા કલમ-૧ હેઠળ પ્રતિબંધનો સમય ગાળો નક્કી કરતું અને મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમિયાન મતદાન અંગેનો અનુમાનો સહિતની કોઈપણ ચુંટણી સામગ્રી કોઈપણ ઈલેક્ટ્રોનીક માધ્યમો પરથી પ્રસારીત કરવા અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૬(૧)(બી) હેઠળ પ્રતિબંધ બહાર પાડ્યું છે. દરમિયાન રાજ્યના શ્રમ આયુક્તની યાદી જણાવાયું છે કે લોકસભા - વિધાનસભા મત વિસ્તારની પેટાચૂંટણી તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ યોજાનાર છે. જે તે વિસ્તારના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ ૧૯૪૮ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રજા મંજુર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
ટેન્ડર નોટીસ નં. ૩૭/૨૦૧૪-૧૫ (બીજો પ્રયત્ન)

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ અર્બન સેલ, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર (આઈડી નં. ૧૫૩૭૪૧) ભરૂચ જિલ્લાના જંબુસર શહેરની ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ના કામોના ટેન્ડરો અંદાજીત કિંમત રૂ. ૨૩૬.૪૨ લાખ માટે ઓનલાઈન મંગાવવામાં આવેલ છે. તા. ૩/૯/૨૦૧૪ પછી ટેન્ડરો ડાઉનલોડ કરી શકાશે. પરંતુ ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૨૯/૯/૨૦૧૪, ૧૮-૦૦ કલાક સુધી છે. પ્રી-બીડ કોન્ફરન્સની તા. ૧૨/૯/૨૦૧૪, ૧૫-૦૦ કલાકે રાખેલ છે. વધુ વિગતો નીચે મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. http://www.nprocure.com & http://www.gwssb.org

માહિતી/૧૧૨૮/૧૪-૧૫